**કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી–૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## :: ટેકનીકલ બીડ ::
## (અલગ સીલબંધ કવર બનાવી મોટા કવરમાં નાંખવું)

**કામનું નામ : નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળના સુરત, વઘઇ(જી. ડાંગ), નવસારી કેન્દ્ર ખાતે આવેલ વિવિધ જર્જરીત મકાનોને ડીસ્મેન્ટલ કરી કાટમાળ લઇ જવાની કામગીરીના ભાવો.**

**ટેન્ડર ફી : ૬૦૦૦/–(અંકે રૂપિયા : છ હજાર પુરા.) (નોન રીફંડેબલ)**

**ઇ.એમ.ડી. : ૧,૨૫,૦૦૦/–(અંકે રૂપિયા : એક લાખ પચ્ચીસ હજાર પુરા.) (રીફંડેબલ)**

**ટેન્ડર ભરવાની તથા સ્વીકારવાની તારીખ : ૧૫/૦૯/૨૦૨૬ થી ૨૯/૦૯/૨૦૨૬ સાંજે ૬.૧૦ કલાક સુધી**

| ક્રમ નં. | જિલ્લો | મિલ્કતનું વર્ણન | મકાનની વિગત |
|---|---|---|---|
| ૧ | નવસારી | ડીપાર્ટમેંટ ઓફ પ્લાન્ટ મોલેક્યુલર બાયોલોજી એન્ડ બાયોટેકનોલોજી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી | ગ્રાઉન્ડ ફ્લોર |
| ૨ | | નવસારી કેન્દ્ર ખાતે આવેલ 'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૨૫ થી ૪૮ | ગ્રાઉન્ડ ફ્લોર + 2 માળ |
| ૩ | | નવસારી કેન્દ્ર ખાતે આવેલ 'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૪૯ થી ૭૨ | ગ્રાઉન્ડ ફ્લોર + 2 માળ |
| ૪ | સુરત | સુરત કેન્દ્ર ખાતે આવેલ 'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૮ | ગ્રાઉન્ડ ફ્લોર + 1 માળ |
| ૫ | | સુરત કેન્દ્ર ખાતે આવેલ 'ડી' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૬ | ગ્રાઉન્ડ ફ્લોર + 2 માળ |
| ૬ | | સુરત કેન્દ્ર ખાતે આવેલ 'ઇ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૨ | ગ્રાઉન્ડ ફ્લોર + 1 માળ |
| ૭ | વઘઇ (જી.ડાંગ) | વઘઇ કેન્દ્ર ખાતે આવેલ 'ડી-૧' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૪ | ગ્રાઉન્ડ ફ્લોર |
| ૮ | | વઘઇ કેન્દ્ર ખાતે આવેલ કૃષિ મહાવિદ્યાલય, વઘઇ,જી.ડાંગ ખાતે જુની કૃષિ પોલીટેકનીક બોયઝ હોસ્ટેલ વનરાજ | ગ્રાઉન્ડ ફ્લોર |

| | | | |
|---|---|---|---|
| ૧ | અનામત ની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. (ઇએમડી) તથા તારીખ | : | **રકમ રૂા.**<br>**ડી.ડી. નંબર / તારીખ**<br>**બેંકનું નામ** |
| ૨ | ટેન્ડર ફીની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. તથા તારીખ | : | **રકમ રૂા.**<br>**ડી.ડી. નંબર / તારીખ**<br>**બેંકનું નામ** |
| ૩ | ભાવો ભરનાર એજન્સીનું પુરૂ નામ | : | |
| ૪ | ભાવો ભરનાર એજન્સીનું પુરૂ સરનામુ (**આધાર સામેલ રાખવો.** ) | : | |
| ૫ | ભાવો ભરનાર એજન્સીનો પાન કાર્ડ નંબર (નકલ સામેલ રાખવી) (**ફરજીયાત**) | : | |
| ૬ | ભાવો ભરનાર એજન્સીનો જી.એસ.ટી. નંબર (નકલ સામેલ રાખવી) (**ફરજીયાત**) | : | |
| ૭ | ભાવો ભરનાર ઇસમનો આધાર કાર્ડ નંબર (નકલ સામેલ રાખવી) (**ફરજીયાત**) | : | |
| ૮ | મોબાઇલ નંબર | : | ૧. ૨. |
| ૯ | ઇમેઇલ આઇ.ડી. | : | ૧. ૨. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**(ભાવ ભરનાર એજન્સીની સહી/સિક્કા)**

## ટેન્ડરની બોલી અને શરતો :

| | |
|---|---|
| ૧ | **આ ટેન્ડર ફોર્મ કુલ–૦૨ ભાગમાં અલગ–અલગ કવરો બનાવી એક જ કવરમાં જમાં કરાવવાનું રહેશે જેમાં પ્રથમ કવર ટેકનીકલ બીડ જેમાં નીચે મુજબના મેન્ડેટરી ડોકયુમેંટ અને બીજા કવરમાં પ્રાઇઝ બીડ ભરવાનું રહેશે. (આ બન્ને કવરો એક મોટા કવરની અંદર નાંખી તેની ઉપર કામનું નામ તથા એજન્સીનું નામ દર્શાવવાનું રહેશે)** |
| ૨ | **ઠેકેદારે આ ટેન્ડરમાં દર્શાવેલ કુલ–૦૮ મકાનોની સયુકત (એક સાથે) ઓફર ભરવાની રહેશે, ટેન્ડરમાં ભાગ લીધેલ એજન્સીઓ પૈકી સૌથી વધુ ઓફર કરનાર એજન્સીના ભાવો મંજુર કરવામાં આવશે.** |
| ૩ | **ટેન્ડર ભરનાર એજન્સીઓએ નીચે મુજબના દસ્તાવેજો ફરજીયાત રજુ કરવાના રહેશે, સદર દસ્તાવેજો રજુ કરેલ હશે તેમના ભાવો જ ગ્રાહય રાખવામાં આવશે.**<br>(૧) પાનકાર્ડ<br>(૨) જી.એસ.ટી. રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર<br>(૩) આધારકાર્ડ<br>(૪) ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફ્ટ<br>(૫) ઇ.એમ.ડી.નો ડીમાન્ડ ડ્રાફ્ટ |
| ૪ | ટેન્ડર ભરનાર ઇસમ ભારતીય નાગરીકતા ધરાવતા હોવા જોઇએ. |
| ૫ | **ટેન્ડર ફી રૂ.૬૦૦૦/– (અંકે રૂપિયા : છ હજાર પુરા)(નોન રીફંડેબલ)** નો **ડીમાન્ડ ડ્રાફ્ટ** ***" D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari" "Payable at Navsari"*** ના નામનો રજુ કરવાનો રહેશે , ટેન્ડર ફી વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી. |
| ૬ | **ઇ.એમ.ડી.**(બાનાની રકમ) **રૂ.૧,૨૫,૦૦૦/– (અંકે રૂપિયા : એક લાખ પચ્ચીસ હજાર પુરા) (રીફંડેબલ)** નો **ડીમાન્ડ ડ્રાફ્ટ** ***" D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari" "Payable at Navsari"*** ના નામનો રજુ કરવાનો રહેશે, ઇ.એમ.ડી. વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.<br>**(નોંધ : સૌ વધુ ભાવ ભરનાર પ્રથમ, બીજી અને ત્રીજી એજન્સીઓની ઇ.એમ.ડી.ની રકમ ટેન્ડર પ્રકિયા પૂર્ણ થયા બાદ નિયમોનુસાર રીફંડ કરવામાં આવશે જયારે અન્ય એજન્સીઓની ઇ.એમ.ડી.ની રકમ મૂળ સ્વરૂપે દિન–૧૦ માં પરત કરવામાં આવશે)** |
| ૭ | **ટેન્ડર ફી અને EMDની રકમ પેટે માત્ર ડીમાન્ડ ડ્રાફ્ટ (Demand Draft) સ્વીકાર્ય રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ સિવાયના અન્ય કોઈપણ સ્વરૂપે રજૂ કરવામાં આવેલ ટેન્ડર ફી તથા EMD સ્વીકારવામાં આવશે નહીં અને તેવા ટેન્ડરને માન્ય ગણવામાં આવશે નહીં.** |
| ૮ | આ કામનું ટેન્ડર નવસારી કૃષિ યુનિવર્સિટીની અધિકૃત વેબસાઇટ **www.nau.in** ઉપરથી ડાઉનલોડ કરી, ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.નો ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ માહિતી પત્રકની સંપૂર્ણ વિગતો ભરી સહી, સિકકા સાથે જરૂરી આધાર પુરાવા સહીતનું સીલબંધ કવર મોડામાં મોડુ **તા.૨૯/૦૯/૨૦૨૬** સુધીમાં '**કાર્યપાલક ઇજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦ (ગુજરાત)ના સરનામે** રૂબરૂ, પોસ્ટ, કુરીઅર મારફત સમય મર્યાદામાં પહોંચતું કરવાનું રહેશે, સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. |
| ૯ | **આ ટેન્ડરમાં રસ ધરાવતી તમામ એજન્સીઓએ ટેન્ડર ભરતા પહેલા ટેન્ડરમાં દર્શાવેલ તમામ બિલ્ડીંગોની સાઇટ વિઝીટ જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૧૦ દરમ્યાન અચુક કરીને ભાવો ભરવા જણાવવામાં આવે છે. (પાછળથી કોઇ દલીલ ગ્રાહય રાખવામાં આવશે નહી)** |
| ૧૦ | **માત્ર ડીસમેન્ટલ મટીરીયલ્સ ઉપર જ ઠેકેદારનો હકક રહેશે.** |
| ૧૧ | આવેલ કોઇપણ ટેન્ડરોને સ્વીકારવુ અથવા આવેલ તમામ ટેન્ડરોને કોઇપણ કારણો દર્શાવ્યા સિવાય રદ કરવાના તથા ઇજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા યુનિવર્સિટી દ્વારા નિયુકત થયેલ કમિટીને રહેશે. |
| ૧૨ | **સદર ટેન્ડરમાં સૌથી વધુ ઓફર કરનાર એજન્સીના ભાવો મંજુર કરવામાં આવશે, મંજુર થયેલ ટેન્ડરની રકમ મુજબ સરકારશ્રીમાં અલગથી જી.એસ.ટી. તથા અન્ય વેરા જમાં કરાવવાની સંપૂર્ણ જવાબદારી ઠેકેદારની રહેશે.** |

| | |
|---|---|
| ૧૩ | **અત્રેથી ફક્ત સૌથી વધુ ઓફર કરનાર પ્રથમ એજન્સીના નામ અને ઓફરની રકમની જાહેરાત કરવામાં આવશે બીજા અને ત્રીજા ક્રમાંકની એજન્સીના નામ તથા ઓફરની રકમ જાહેર કરવામાં આવશે નહી.** |
| ૧૪ | ભાવો મંજુર થયેલ પાર્ટીએ ઓફરની કુલ રકમની **૫% રકમ સિક્યોરીટી ડીપોઝીટ** પેટે ભાવો મંજુર થયાના બે દિવસમાં અલગથી ***"D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari" "Payable at Navsari"*** ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટથી કાર્યપાલક ઇજનેરની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીમાં જમાં કરાવવાની રહેશે, સદર રકમ કામગીરી પૂર્ણ થયે અત્રેની કચેરીએથી સ્થળ મુલાકાત કરી સાઇટ કલીયરન્સ અંગેનું પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા બાદ યુનિવર્સિટી નિતીનિયમોનુસાર રીફંડ કરવામાં આવશે. |
| ૧૫ | **જે પાર્ટીના ભાવો મંજુર થાય તેને ઓફરની પુરેપુરી રકમ** ભાવો મંજુર થયાના દિન-૨ **માં *"D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari" "Payable at Navsari"*** ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઇન પેમેન્ટથી કાર્યપાલક ઇજનેરની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીમાં બિનચુક જમાં કરાવવાની રહેશે અન્યથા તેમની બાનાની રકમ જપ્ત કરી ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. **(નોંધ : કોઇપણ સંજોગોમાં હપ્તેથી ઓફરની રકમ સ્વીકારવામાં આવશે નહી.)** |
| ૧૬ | જે એજન્સીના ભાવો મંજુર થાય તેને ઓફરની રકમ ઉપરાંત **૧ %** રકમ **Tax Collection at Source** (TCS ) પેટે અલગથી અત્રેની કચેરીમાં જમાં કરાવવાની રહેશે, **(ભરેલ ભાવોની ૧% રકમ)** |
| ૧૭ | આવેલ ભાવોમાં સૌથી ઉંચા ભાવો મકાનની બુકવેલ્યુની રકમ કરતા ઓછા હશે તો તે જ દિવસે કમિટીની રૂબરૂમાં ટેન્ડરમાં ભાગ લેનાર **માન્ય (મંજુર)** એજન્સીઓ વચ્ચે જાહેર હરાજીથી હરાજીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેમાં સૌથી વધુ(ઉંચી) ભાવ બોલનાર એજન્સીના ભાવો મંજુર કરવા ઘટતું કરવામાં આવશે. |
| ૧૮ | ઠેકેદારે ઇજારાની કુલ રકમ જમાં કરાવ્યા બાદ જ અત્રેથી વર્કઓર્ડર ઇસ્યુ કર્યા બાદ કામગીરી શરૂ કરવાની રહેશે. |
| ૧૯ | **ડીસમેન્ટલની કામગીરી કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરીની સુચના અનુસાર ડીસમેન્ટલીંગના હુકમ થયા બાદ તુરંત ચાલુ કરી વઘઇ કેન્દ્રના તમામ મકાનો દિન-30 મા અને નવસારી, સુરત કેન્દ્રના તમામ મકાનો દિન-૬૦ ડીસ્મેન્ટલ કરી તેની સંપૂર્ણ કામગીરી (ફૂટીંગ કાઢવા સાથે) પૂર્ણ કરવાની રહેશે. (સાઇટ સંપૂર્ણ કલીયર કરવાની રહેશે.)**<br>**નોંધ : સૌ પ્રથમ વઘઇ (જિ.ડાંગ) કેન્દ્રના મકાનો ડીસ્મેન્ટલ કરવાના રહેશે જેની ખાસ નોંધ લેવી.** |
| ૨૦ | **ડીસમેન્ટલની કામગીરી દરમ્યાન સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સેફટીના સાધનો સાથે મજુરો પાસે કામગીરી લેવાની રહેશે અને કામગીરી દરમ્યાન અકસ્માત ન થાય તે અંગે પુરતી તકેદારી ઠેકેદારશ્રીએ લેવાની રહેશે તેમ છતાં કોઇ અકસ્માત થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઠેકેદારની પોતાની રહેશે. (ભાવો મંજુર થયા બાદ સબંધિત ઠેકેદારે રૂા.300/-ના નોનજયુડીશ્યલ સ્ટેમ્પ પેપર ઉપર ટેન્ડરની બોલી અને શરતો નોટરી કરાવી રજુ કર્યા બાદ વર્કઓર્ડર આપવામાં આવશે. )** |
| ૨૧ | ડીસમેન્ટલની કામગીરી દરમ્યાન આસપાસની મિલ્કતને કોઇ નુકશાન ન થાય તેની તકેદારી ઠેકેદારે રાખવાની રહેશે અને જો કોઇ નુકશાન થાય તો નુકશાનની હાલની પ્રર્વતમાન કિંમત ઠેકેદાર પાસેથી વસુલ કરવામાં આવશે. |
| ૨૨ | ડીસમેન્ટલ કરવાની સમગ્ર કામગીરી તથા ત્યારબાદ કાટમાળ ઉપરોકત સમય મર્યાદામાં લઇ જવાની વ્યવસ્થા ઠેકેદારે પોતાના ખર્ચે કરવાની રહેશે. |
| ૨૩ | ડીસમેન્ટલ સામાન કચેરી સમય સવારે ૯.00 થી સાંજે ૫.૧૦ કલાક દરમ્યાન કેમ્પસ બહાર જે તે વિભાગની મંજુરી મેળવી લઇ જવાનો રહેશે તેમજ માલ હેરફેર માટે ઉપયોગમાં લેવાનાર વાહનોના ગેટપાસ સબંધિત કચેરી પાસેથી મેળવી વાહન કેમ્પસ બહાર લઇ જવાનું રહેશે.<br>(૧) સુરત કેન્દ્ર ખાતે સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્રની કચેરી ખાતેથી ગેટપાસ મેળવવો.<br>(૨) વઘઇ કેન્દ્ર ખાતે આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, વઘઇની કચેરી ખાતેથી ગેટપાસ મેળવવાનો રહેશે.<br>(૩) નવસારી કેન્દ્ર ખાતે કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી ખાતેથી ગેટપાસ મેળવવાનો રહેશે. |
| ૨૪ | કામગીરી દરમ્યાન ઠેકેદારની કોઇ રજુઆત હશે તો તે બાબતે નિયુકત થયેલ કમિટીનો નિર્ણય આખરી અને ઠેકેદારને માન્ય રહેશે. |
| ૨૫ | ટેન્ડર મંજુર થયે વર્કઓર્ડર ઇસ્યુ કર્યા બાદ કુદરતી આપતિ કે હોનારતના કારણોસર ઉપરોકત મિલ્કતને કોઇ નુકશાન થશે તો તેની જવાબદારી અત્રેની યુનિવર્સિટીની રહેશે નહી. |
| ૨૬ | ટેન્ડર મંજુર થયે મુળ માલિકને જ બિલ્ડીંગ ડીસમેન્ટલ મટીરીયલ્સ અત્રેથી લઇ જવાની પરવાનગી આપવામાં આવશે. |
| ૨૭ | આ કામ બાબતે કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેનું લીગલ જયુરીડીકશન **નવસારી જિલ્લો** રહેશે. |
| ૨૮ | **એજન્સીએ યુનિવર્સિટીની અધિકૃત વેબસાઇટ www.nau.in ઉપરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી તેમાં જ ભાવો ભરવાના રહેશે. (અન્ય ફોર્મમાં ભરેલ ભાવો માન્ય રાખવામાં આવશે નહી)** |
| ૨૯ | ટેન્ડર ભરનાર ઇસમે આ સાથે સામેલ રાખેલ પત્રકમાં જરૂરી માહિતી ભરી રજુ કરવાની રહેશે. |
| 30 | **હરાજી રદ/મોકુફ/કેન્સલ/સ્થગિત થાય તો ટેન્ડર ફી ની રકમ રીફંડ મળશે નહી જેની ખાસ નોંધ લેવી.** |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

| | |
|---|---|
| ૩૧ | • સદર કામ અંગેના આવેલા ભાવો **તા.૦૧/૧૦/૨૦૨૬** ના રોજ **બપોરે ૨.૩૦ કલાકે** નિયુકત થયેલ કમિટી સમક્ષ ટેન્ડર ભરનારની હાજરીમાં **આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારીના મીટીંગ હોલમાં ખોલવામાં આવશે.**<br>• **ટેન્ડર ખોલવાની તારીખમાં સંજોગો વસાત કોઇ ફેરફાર કરવામાં આવશે તો તે અંગે આપે જણાવેલ મોબાઇલ નંબર ઉપર જાણ કરવામાં આવશે.** |
| ૩૨ | **ટેન્ડર ફોર્મના કવર ઉપર કામનું નામ, એજન્સીનું નામ, સંપર્ક નંબર, ઇમેઇલ આઇ.ડી. ફરજીયાત લખવાનું રહેશે.** |
| ૩૩ | ટેન્ડર અંગે કોઇ મુશ્કેલી હોય તો અત્રેની કચેરીના સંપર્ક નંબર **૦૨૬૩૭-૨૯૯૦૭૮** ઉપર કોન્ટેકટ કરી શકાશે. |
| ૩૪ | ઠેકેદારે કામગીરી શરૂ કરતા પહેલા જે તે બિલ્ડીંગની આજુબાજુમાં કોઇ ડ્રેનેજ લાઇન, ડ્રેનેજ ચેમ્બર, વિજળી કનેકશન, ઇન્ટરનેટ કનેકશન, ગેસ કનેકશન, પાણીની લાઇનો, ઉભાઝાડો તથા અન્ય મિલ્કતોનો સર્વે કરી તેને નુકશાન ન થાય તે મુજબ કામગીરી શરૂ કરવાની રહેશે અન્યથા થયેલ નુકશાનની હાલની પ્રર્વતમાન કિંમત મુજબ વસુલાત ઠેકેદારે ભરપાઇ રહેશે. |
| ૩૫ | **બિલ્ડીંગ ડીસમેન્ટલના ભાવો ફુટીંગ કાઢવા સહિતના ભરવાના રહેશે, બિલ્ડીંગ ડીસ્મેન્ટલની કામગીરી પૂર્ણ થયા બાદ જમીન લેવલીંગ ફરજીયાત કરવાની રહેશે અન્યથા ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.** |
| ૩૬ | **ટેકનીકલ બીડમાં માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ કરેલ હશે તે એજન્સીના જ પ્રાઇઝ બીડ ઓપન કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી જેથી મેન્ડેટરી ડોકયુમેન્ટ ફરજીયાત રજુ કરવાના રહેશે.** |
| ૩૭ | **(૧) નવસારી જિલ્લામાં આવેલ તમામ મકાનોની મુલાકાત અર્થે કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરીનો સંપર્ક કરવો.**<br>**(૨) વઘઇ જિલ્લામાં આવેલ મકાનોની મુલાકાત અર્થે આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઇ કેન્દ્ર જિ. ડાંગની કચેરીનો સંપર્ક કરવો.**<br>**(૩) સુરત કેન્દ્ર ખાતે આવેલ મકાનોની મુલાકાત અર્થે સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર,** |

**ઉપરોકત તમામ શરતો અને બોલીઓ મે વાંચી છે જે મને માન્ય, કબુલ અને બંધનકર્તા છે**

**તારીખ :**

**સ્થળ :**

**ભાવપત્રક ભરનાર એજન્સીના સહી/ સિકકા**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# :: પ્રાઇઝ બીડ ::

## (અલગ સીલબંધ કવર બનાવી મોટા કવરમાં નાંખવું)

**કામનું નામ : નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળના સુરત, વઘઇ(જી. ડાંગ), નવસારી કેન્દ્ર ખાતે આવેલ વિવિધ જર્જરીત મકાનોને ડીસ્મેન્ટલ કરી કાટમાળ લઇ જવાની કામગીરીના ભાવો.**

| ક્રમ નં. | જિલ્લો | મિલ્કતનું વર્ણન | તમામ બિલ્ડીંગોની સયુંકત ઓફરની રકમ ઇજારદારશ્રીએ અહી લખવી |
|---|---|---|---|
| ૧ | **નવસારી મુખ્ય કેમ્પસ ખાતે આવેલ બિલ્ડીંગો** | ડીપાર્ટમેંટ ઓફ પ્લાન્ટ મોલેક્યુલર બાયોલોજી એન્ડ બાયોટેકનોલોજી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી | |
| ૨ | | નવસારી કેન્દ્ર ખાતે આવેલ 'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૨૫ થી ૪૮ | |
| ૩ | | નવસારી કેન્દ્ર ખાતે આવેલ 'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૪૯ થી ૭૨ | |
| ૪ | **સુરત કેન્દ્ર ખાતે આવેલ બિલ્ડીંગો** | સુરત કેન્દ્ર ખાતે આવેલ 'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૮ | |
| ૫ | | સુરત કેન્દ્ર ખાતે આવેલ 'ડી' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૬ | |
| ૬ | | સુરત કેન્દ્ર ખાતે આવેલ 'ઇ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૨ | |
| ૭ | **વઘઇ (જી.ડાંગ) ખાતે આવેલ બિલ્ડીંગો** | વઘઇ કેન્દ્ર ખાતે આવેલ 'ડી-૧' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૪ | |
| ૮ | | વઘઇ કેન્દ્ર ખાતે આવેલ કૃષિ મહાવિદ્યાલય, વઘઇ,જી.ડાંગ ખાતે જુની કૃષિ પોલીટેકનીક બોયઝ હોસ્ટેલ વનરાજ | |

| | | | |
|---|---|---|---|
| ૧ | ભાવો ભરનાર એજન્સીનું નામ | : | |
| ૨ | ભાવો ભરનાર એજન્સીનું પુરુ સરનામુ **(આધાર સામેલ રાખવો.)** | : | |
| ૩ | ભાવો ભરનાર એજન્સીનો પાન કાર્ડ નંબર **(ફરજીયાત)** | : | |
| ૪ | ભાવો ભરનાર એજન્સીનો જી.એસ.ટી. નંબર **(ફરજીયાત)** | : | |
| ૫ | ભાવો ભરનાર ઇસમનો આધાર કાર્ડ નંબર **(ફરજીયાત)** | : | |
| ૬ | મોબાઇલ નંબર | : | |

તારીખ :
સ્થળ :

: **ભાવપત્રક ભરનાર એજન્સીના સહી / સિકકા**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કેન્દ્ર ખાતે આવેલ મકાનો



**નવસારી કેન્દ્ર ખાતે આવેલ 'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૨૫ થી ૪૮**



**નવસારી કેન્દ્ર ખાતે આવેલ 'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૪૯ થી ૭૨**






**નવસારી કેન્દ્ર ખાતે આવેલ  ડીપાર્ટમેંટ ઓફ પ્લાન્ટ મોલેક્યુલર બાયોલોજી એન્ડ બાયોટેકનોલોજી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી**

## સુરત કેન્દ્ર ખાતે આવેલ મકાનો






**સુરત કેન્દ્ર ખાતે આવેલ  'એ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૮**









સુરત કેન્દ્ર ખાતે આવેલ 'ડી' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૬

NAVSARI AGRICULTURAL UNIVERSITY







NAVSARI IVERSITY

સુરત કેન્દ્ર ખાતે આવેલ 'ઇ' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૨










વઘઇ કેન્દ્ર ખાતે આવેલ  કૃષિ મહાવિદ્યાલયલ વઘઇ,જી.ડાંગ ખાતે જુની કૃષિ પોલીટેકનીક બોયઝ હોસ્ટેલ વનરાજ









વઘઇ કેન્દ્ર ખાતે આવેલ 'ડી–૧' ટાઇપ કેટેગરીના મકાન નં. ૦૧ થી ૦૪

NAVSARI AGRICULTURAL UNIVERSITY